NATIONAL SENIOR CERTIFICATE EXAMINATION
NOVEMBER 2013

# GUJARATI SECOND ADDITIONAL LANGUAGE: PAPER I

Time: 2 hours 100 marks

---

**PLEASE READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY**

1. This question paper consists of 9 pages. Please check that your question paper is complete.
2. Read the questions carefully.
3. Number your answers exactly as the questions are numbered.
4. It is in your own interest to write legibly and present your work neatly.

---

IEB Copyright © 2013

## SECTION A

પ્રશ્ન–૧ નીચે આપેલો ગદ્ય વાંચી પ્રશ્નોના યોગ્ય જવાબ લખો.

એક વખત ગૌતમ બુદ્ધે એક નગરને છેડે મોટા વડના ઝાડ તળે મુકામ કર્યો. તેમની મધુર અને પવિત્ર વાણી સાંભળવાને નગરમાંથી ભક્તોનાં ટોળેટોળાં આવવા લાગ્યાં.

આ નગરમાં સુદાસ નામનો માળી રહેતો હતો. તેણે સુંદર બગીચો બનાવ્યો હતો. તેમાં રંગબેરંગી ફૂલો થતાં હતાં. તેના બગીચાની પાસે સુંદર નાનું તળાવ હતું. તેમાં સુંદર કમળો ઊગતાં હતાં. સુદાસ ફૂલો અને કમળો વેચતો.

એક દિવસ તળાવમાં કમળનું એક ફૂલ ખીલી ઊઠયું. સુદાસ કમળની શોભા જોઈ આનંદમાં આવી ગયો. તેના મનમાં વિચાર ઊઠયો, "આ કમળ રાજાજીને ચરણે ધરીશ. મને તેની મોં-માગી કિંમત મળશે."

કમળને એક નાની છાબડીમાં મૂકીને સુદાસ મહેલના દરવાજા પાસે ગયો. ત્યાં તેને ખબર મળી કે રાજાજીની સવારી નીકળવાની તૈયારીમાં છે. સુદાસ સવારીની રાહ જોતો ઊભો રહ્યો.

એકાએક નગરના એક શેઠ તેની પાસે આવ્યા.

શેઠે પૂછ્યું, "અલ્યા સુદાસ, આ કમળની શી કિંમત છે?"

સુદાસ બોલ્યો, "આ કમળ મોંઘું છે."

શેઠે પૂછ્યું, "પણ કિંમત તો કહે."

સુદાસે કહ્યું, "હું તો આ કમળ રાજાજીને ચરણે ધરવા લાવ્યો છું. તેઓ તેની કિંમત કરશે."

શેઠે કહ્યું, "રાજાનાય રાજા માટે આ કમળ જોઈએ છે. તું મને આ સુંદર કમળ આપશે?"

"મને મોટી કિંમતની આશા છે." સુદાસ બોલ્યો.

"મોટી કિંમત!" શેઠ બોલ્યા, "તને એક સોનામહોર આપીશ."

સુદાસે છાબડીમાંથી કમળ લીધું. એટલામાં નોબતો ગડગડી ઊઠી અને મહેલમાંથી રાજાની સવારી નીકળી. દાસીઓના હાથમાં પૂજાની સામગ્રીની થાળીઓ શોભતી હતી. રાજા બુદ્ધદેવનાં દર્શન કરવા જઈ રહ્યા હતા.

IEB Copyright © 2013

રાજાની નજર પેલા કમળ પર પડી. તેમણે સુદાસને પૂછ્યું, "સુદાસ, તું મને આ કમળ આપશે?"

સુદાસે કહ્યું, "આ શેઠને આ કમળ જોઈએ છે. એક સોનામહોર આપવા કહે છે."

રાજાએ મધુર સ્મિત કરી કહ્યું, "સુદાસ, હું પાંચ સોનામહોર આપીશ."

સુદાસ રાજાને કમળ આપવા જતો હતો, ત્યાં તો શેઠ બોલી ઊઠયા, "સુદાસ, મારી પંદર સોનામહોર."

રાજાએ શેઠ સામે જોયું. શેઠ બોલ્યા, "રાજાજી, હું પણ બુદ્ધદેવની પૂજા કરવા જાઉં છું. આજે આપણે બન્ને સરખા છીએ. આપણે બન્ને ભક્તો છીએ. જે વધારે કિંમત આપે તે કમળ લે."

રાજાએ કહ્યું, "કબૂલ, સુદાસ, મારી વીસ સોનામહોર."

શેઠ કંઈ બોલે તે પહેલાં સુદાસ પોતે જ કમળ હાથમાં રાખી દોડવા લાગ્યો. તેને મનમાં થયું કે બુદ્ધદેવ રાજાથી પણ વધારે પૈસાદાર હોવા જોઈએ. તેમને જ કમળ વેચીશ. મોં-માંગી કિંમત મળશે.



સુદાસ દોડતો વડ પાસે ગયો. તેણે બુદ્ધદેવને જોયા. થોડી વાર તેમની સામે ટગરટગર જોઈ રહ્યો. પછી તેના મોંમાંથી શબ્દો સરી પડયા, "ઓ! આ રાજા નથી આ તો કોઈ મોટા ઋષિ છે!"

**અઘરાં શબ્દો:**

| | |
|---|---|
| રાહ = વાટ | નોબત = નગારું |
| ગડગડી ઊઠી = વાગવા લાગી | સામગ્રી = સામાન |
| સ્મિત = હાસ્ય, હસવું | ટગર ટગર = એકધારું |
| ચરણ = પગ | રજ = ધૂળ |

૧.૧ સુદાસે તળાવમાં શું જોયું ? (2)

૧.૨ સુદાસ મહેલના દરવાજા પાસે શા માટે ગયો ? (3)

૧.૩ સુદાસ શેઠને કમળ આપતાં શા માટે અટકી ગયો ? (3)

૧.૪ સુદાસે રાજાને કમળ શાથી ન આપ્યું ? (3)

૧.૫ સુદાસે કમળનું શું કર્યું ? (2)

૧.૬ નીચેનાં વાક્યો કોણ બોલે છે તે જણાવો.

અ. આ કમળ મોંઘું છે.
બ. પણ કિંમત તો કહે.
ક. સુદાસ, તું મને આ કમળ આપશે ?
ડ. આજે આપણે બંને સરખાં છીએ.
હ. તારું કલ્યાણ થાઓ. (5)

૧.૭ સુદાસ બુધ્ધદેવને કમળ આપી ઉદાસ થઇ ગયો.

આ વાક્ય સાચું છે કે ખોટું તે જણાવો (2)
**[20]**

**પ્રશ્ન– ૨**

૨.૧ નીચે આપેલા શબ્દોના યોગ્ય સમાનાર્થી અર્થ શોધી લખો.

| | | | |
|---|---|---|---|
| અ. ઝાડ | વૃક્ષ | વરુ | ફૂલ |
| બ. બગીચો | બદામ | બાગ | હિંચકો |
| ક. મુખ | માથું | મોઢું | હાથ |

(3)

IEB Copyright © 2013

૨.૨ નીચે આપેલા શબ્દોના યોગ્ય વિરોધી અર્થ શોધી લખો.

| | | | | |
|---|---|---|---|---|
| ૨.૨.૧ પવિત્ર | અટલ | અપવિત્ર | અણગમો | |
| ૨.૨.૨ મહેલ | ઝૂંપડી | પેલેસ | શહેર | |
| ૨.૨.૩ ગરીબ | દીન | ધનવાન | પૈસાદાર | (3) |

૨.૩ નીચે આપેલા વાકયોમાં ક્રિયાપદનું યોગ્ય રૂપ બનાવી લખો.

જેમ કે – ગાંગુલીએ બોલને ફટકો .......(મારવું)
જવાબ : માર્યો

૨.૩.૧ તું મને આ સુંદર કમળ.......?(આપવું)

૨.૩.૨ રાજા બુધ્ધ દેવના દર્શન કરવા.......(જવું)

૨.૩.૩ કમળ તેણે બુધ્ધ દેવને ચરણે...... (ધરવું)

૨.૩.૪ રાજાએ શેઠ સામે.....(જોવું) (4)

૨.૪ નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ શોધીને <u>ખાલી જગ્યા પૂરો</u>.

(તળાવ, કમળ, મોંઘું, દાસીઓના)

૨.૪.૧ રાજાનાથ માટે આ........ જોઇએ છે.

૨.૪.૨ તેના બગીચાની પાસે સુંદર નાનું.........હતું.

૨.૪.૩ ..........હાથમાં પૂજાની થાળીઓ શોભતી હતી.

૨.૪.૪ આ કમળ.......છે. (4)

૨.૫ નીચે આપેલા વાક્યોમાં યોગ્ય <u>વિશેષણ</u> શોધી લખો.

૨.૫.૧ તેમાં સુંદર કમળો ઊગતાં હતાં.

૨.૫.૨ તેમની મધુર અને પવિત્ર વાણી સાંભળવાને ભક્તોનાં ટોળેટોળાં આવવા લાગ્યા.

૨.૫.૩ આ કમળની મોટી કિંમત મેળવું (3)

૨.૬ નીચે આપેલા વાક્યો કયા કાળના છે તે કહો.

ઉ.ત. આપણે દિવાળીમાં મળીશું.જવાબઃ ભવિષ્યકાળ

૨.૬.૧ સુદાસ સવારીની રાહ જોતો ઊભો રહ્યો.

૨.૬.૨ આ કમળની શી કિંમત છે ?

૨.૬.૩ તું મને આ સુંદર કમળ આપશે ?

૨.૬.૪ 'સુદાસ, તારું કલ્યાણ થાઓ'. (4)

૨.૭ નીચે આપેલ સુવિચાર તમારા શબ્દોમાં જણાવો.

અ. સત્ય એ જ પરમેશ્વર છે.

અથવા

બ. ચિંતા ચિતા સમાન છે. (4)

IEB Copyright © 2013

૨.૮ ચિત્ર વર્ણન: નીચે આપેલા ચિત્રને જોઈ પ્રશ્નોના જવાબ લખો.(કોઈપણ પાંચ)



અ. આ. ચિત્રમાં શેનો તહેવાર છે ? (2)

બ. આ ચિત્રમાં કેટલા લોકો છે ? (2)

ક. એ લોકો કોણ છે ? (2)

ડ. બહેન શું કરે છે ? (3)

હ. એની થાળીમાં શું હોઈ શકે છે ? (3)

ળ. આપણે આ તહેવાર કેવી રીતે ઊજવીએ છીએ ? (3)

**[40]**

**60 marks**

## SECTION B

### પ્રશ્ન–૩ નીચે આપેલ પંક્તિ તમારા શબ્દોમાં સમજાવો. (સાતથી આઠ લીટી)

૩.૧ મિત્ર એવો શોધવો, ઢાલ સરીખો હોય;
સુખમાં પાછળ પડી રહે, દુ:ખમાં આગળ હોય.

અથવા

૩.૨ જલાવી જાતને ધૂપ, સુવાસિત બધું કરે;
ઘસીને જાતને સંતો, અન્યને સુખિયાં કરે.

**[10]**

### પ્રશ્ન– ૪ નીચે આપેલા પદ્યમાંથી કોઈપણ બે ને તમારા શબ્દોમાં ચાર થી પાંચ લીટીમાં સમજાવો

૪.૧ હરિનામ સાથે સંઘ ચાલ્યો જાય,
ત્યાં ધખેલી ધૂળમાં કો ગદર્ભ જણાય.
તરસે તરફડતો રોકી પથપાટી,
પડેલો, જીભડી બહાર, આંખો જતી ફાટી
હરિજનો કરુણાથી બોલે હરિ હરિ.

૪.૨ એક જ દે ચિનગારી,
મહાનલ, એક જ દે ચિનગારી.
ચકમક લોઢું ઘસતાં ઘસતાં,
ખરચી જિંદગી સારી,
જામગરીમાં તણખો ન પડયો,
ન ફળી મહેનત મારી
મહાનલ, એક જ દે ચિનગારી.

૪.૩ દરિયો ત્યાં હારિયો, કરગરતો આવિયો,
ઇંડા ખોબામાં પાછા લઇ,
સાગરને તીર ત્યાં હરખે ટિટોડી
મોતી શા ઇંડા પાછા લઇ,
'સૌને ડુબાડતો દરિયો મેં ડારિયો,
એનાં સૌ ભેદ મેં જોયા જઈ.'

**[12]**

IEB Copyright © 2013

**પ્રશ્ન– ૫. નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.**

૫.૧ મોચીની પ્રામાણિકતાનો બદલો વાળવા સાધુએ શું કર્યું ? (3)

૫.૨ સાધુએ મોચીને પોતાના ગુરુ કેમ ગણ્યા ? (3)

૫.૩ સોનાના ઓજારો જોઈને મોચીને કેમ દુ:ખ થયું ? (3)

૫.૪ નીચે આપેલા કથનોનાં સાચા કારણ લખી જણાવો.

૫.૪.૧ ગરીબ સ્ત્રી ગંદા કપડાં પહેરતી હતી.
કારણકે…………

- એની પાસે બદલવાની બીજી સાડી ન હતી.
- એને નવાં કપડાં જોઈતા હતાં.
- એને કપડાં બદલવાની આળસ હતી.

૫.૪.૨ સાધુ મોચીની દુકાને વારંવાર આંટા મારવા લાગ્યો,
કારણકે…………

- એની પાસે બદલવાની બીજી સાડી ન હતી.
- એને નવાં કપડાં જોઈતા હતાં.
- એને કપડાં બદલવાની આળસ હતી. (3)

**[12]**

**પ્રશ્ન– ૬ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ બે નાં જવાબ લખો.
('ભગવાનની નિર્ધનતા' પાઠ માંથી)**

૬.૧ નારદ ભગવાનને સધન શાથી કહે છે ? (3)

૬.૨ રંકા પોતાનુ જીવન કેવી રીતે ગુજારતો હતો ? (3)

૬.૩ ભગવાન પોતાને નિર્ધન શાથી કહે છે ? (3)

**[6]**

**40 marks**

**Total: 100 marks**

IEB Copyright © 2013